# <u>રાજકોટના મહે. ત્રીજા એડી. જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ મુ. રાજકોટ</u>

<u>ફો.કે. નં.</u> **5436/2026**
**આંક–**

**ફરિયાદીઃ–** શ્રી સરકાર

વિરુધ્ધ

**આરોપી :– શૈલેષભાઈ મેઘજીભાઈ પોકીયા, રહે.રાજકોટ**

**<u>ગુન્હો:–બી.એન.એસ.ની કલમ–૨૨૩ મુજબ</u>**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે ચાર્જશીટમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે આરોપીએ પોતાના હવાલાવાળા મકાનમાં આ કામના સાહેદ પરપ્રાંતીયો ને ભાડે આપેલ હોય જેની જરૂરી નોં ધણી નજીકના પો.સ્ટે.માં કરવી જરૂરી હોય જે નહી કરાવી મ્હે.પોલીસ કમિ.સાહેબશ્રી,રાજકોટ શહેરના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલ હોય, આરોપી વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની **બી.એન.એસ.ની કલમ–૨૨૩** મુજબના શિક્ષાપાત્ર ગુન્હાની ફરિયાદ નોંધી, સાહેદોના નિવેદનો નોંધી, ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરી, આરોપીની અટક કરી અને તપાસ પૂર્ણ કરી આ અદાલતમાં ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨) આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ ૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવી.

(૩) આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવી અલગથી ગુન્હા કબુલાત પુરશીસ આપેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે તેઓ ગરીબ વર્ગના માણસ છે જેથી તેઓને ઓછામાં ઓછો દંડ કરી ગુન્હામાંથી મુક્ત કરવા અરજ છે. સદર ગુન્હા સંબંધેની આરોપીની પ્લી નોંધવામાં આવેલ છે જેમાં પણ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે.

(૪) આ કેસની હકીકતોને લક્ષમાં લેતા તેમજ આરોપીએ રજૂ કરેલ કબુલાત પુરશીસને ધ્યાને લેતા, એવુ જણાઈ આવે છે કે, આરોપીની આર્થિક સ્થિત સારી નથી અને આરોપી સદર ગુનાની કબુલાત સ્વેચ્છાએ કરેલ છે. વધુમાં, ગુનાની દંડની જોગવાઈ ધ્યાને લેતા અને આરોપીની આર્થીક અને સામાજિક સ્થિતિ ધ્યાને લેતા, જે આરોપીને દંડ કરીને છોડવામાં આવે તો,ન્યાયનું હિત જળવાઈ રહે છે.વધુમાં, આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવશે અને તેને યોગ્ય દંડ કરવામાં આવશે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો હુકમ કરવામાં આવે છેઃ

## <u>હુકમ</u>

આ કામ ના આરોપી **શૈલેષભાઈ મેઘજીભાઈ પોકીયા, રહે. રાજકોટ**ને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની ૨૦૨૩ની કલમ–૨૭૫ અન્વયે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની **બી.એન.એસ.ની કલમ–૨૨૩** મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂા. ૧૦૦ (કુલ રૂપિયા સો પુરાનો) દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો તેઓને દિન–૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે આરોપીના જામીનખત અને જાત મુચરકો રદ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૪ માહે માર્ચ, સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

સ્થળ:– રાજકોટ

તારીખ:– ૧૪/૦૩/૨૦૨૬

**( એસ .ડી. હીંગુ)**
ત્રીજા અધિક સિવીલ જજ,રાજકોટ
યુઆઈડી:–જીજે૦૧૬૦૭

ફોજદારી દંડની રકમ રૂ.૧૦૦/–
દંડની પહોંચ નં......... તા.૧૪/૦૩/૨૦૨૬
થી વસુલ લીધી.

Nazir
C.J.M.Court,Rajkot